**ગુજરાત સરકાર**

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૮૭૯-૫૧-ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૭મી જુલાઈ, ૧૯૯૦.

સંદર્ભ :— (૧) શિક્ષણ વિભાગનો તા. ૨૯-૯-૭૭નો ઠરાવ ક્રમાંક : જીએસી-૧૦૭૭-૩૪૦૬૭-ગ,
(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૦-૧૧-૭૮નો ઠરાવ ક્રમાંક : જીએસી-૧૦૭૭-૪૯૧૭૭-ગ,
(૩) શિક્ષણ વિભાગનો તા. ૯-૫-૮૦નો ઠરાવ ક્રમાંક : જીએસી-૧૦૭૭-૨૮૨૬૨-ગ,
(૪) શિક્ષણ વિભાગનો તા. ૨૯-૩-૮૬નો ઠરાવ ક્રમાંક : જીએસી-૧૦૭૭-૬૬૮૦૨-ગ,
(૫) શિક્ષણ વિભાગનો તા. ૧૪-૮-૮૭નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ,
(૬) શિક્ષણ વિભાગનો તા. ૨૧-૧૧-૮૭નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૮૭૯-ગ,
(૭) શિક્ષણ વિભાગનો તા. ૨૪-૧૦-૮૯નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ,

## ઠરાવ

જૂન ૧૯૮૭માં ચોથા પગાર પંચ મુજબ બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકો તથા સ્ટાફના પગાર ધોરણોમાં તા. ૧લી જાન્યુઆરી ૧૯૮૬થી સુધારો કરવામા આવતાં શાળાઓના પગાર બીલની રકમમાં મોટો વધારો થવાનુ જણાતાં ઈતર ખર્ચ તથા મકાન ભાડાની ગ્રાન્ટ જે ટકાવારી પ્રમાણે અપાય છે તેમાં મોટી રકમનો વધારો ચૂકવવાનો થતાં રાજ્યની તિજોરી ઉપર મોટો નાણાકીય બોજ પડવાનો સંભવ હતો. તેથી આ વિભાગના તા. ૧૪મી ઓગષ્ટ ૧૯૮૭ના ઠરાવથી ૮૬-૮૭ના વર્ષમાં ઈતર ખર્ચ તથા મકાન ભાડાની ગ્રાન્ટ પેટે જેટલી રકમ ચૂકવવામાં આવી હોય તેટલી રકમ ગ્રાન્ટ પેટે બીજા હુકમો ન થાય ત્યાં સુધી ચૂકવવાનું ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ બિન સરકારી માધ્યમિક શાળાઓને અપાતી ઈતર ખર્ચની તથા મકાન ભાડાની અનુદાન સહાય અંગે સમીક્ષા કરવાની સમિતિની રચના આમુખ ૬માં દર્શાવેલ તા. ૨૧મી નવેમ્બર ૧૯૮૭માં ઠરાવથી કરવામાં આવી હતી. આ સમિતિનો આખરી અહેવાલ આવે તે દરમ્યાન નિભાવ અનુદાન સહાય અને મકાન ભાડાના અનુદાન સહાયમાં વર્ગ વધારાને કારણે વધનાર શિક્ષકની સંખ્યાને લક્ષમાં રાખીને વચગાળાની રાહત આપતો સુધારો કરતા હુકમો આમુખ-૭માં દર્શાવેલ તા. ૨૪મી ઓક્ટોબર ૧૯૮૯ના ઠરાવથી કરવામાં આવ્યા હતા. આમુખમાં દર્શાવેલ ઠરાવોથી નક્કી કરવામાં આવેલ ઈતર ખર્ચ અને મકાન નિભાવણી અનુદાન સહાય ધોરણમાં સુધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. ઉકત સમિતિની ભલામણોને વિચારણામાં લઇ પુખ્ત વિચારણાને અંતે બિન સરકારી માધ્યમિક શાળાઓને ઈતર શૈક્ષણિક ખર્ચ અને મકાન ભાડા અનુદાન સહાયનું ધોરણ નીચે મુજબ રાખવા સરકાર આથી ઠરાવે છે.

(ક) ઈતર શૈક્ષણિક ખર્ચની ગ્રાન્ટ :

બિન સરકારી માધ્યમિક શાળાઓને ઈતર શૈક્ષણિક ખર્ચ અનુદાન સહાય નીચેના ધોરણે આપવામાં આવશે.

| પ્રકાર | માન્ય પગાર ખર્ચના |
|---|---|
| (અ) ૧૫૦ કે તેથી ઓછી વિદ્યાર્થી સંખ્યાવાળી નવી બિન સરકારી માધ્યમિક શાળાઓને શાળા શરૂ થવાના વર્ષ સહિત પ્રથમ પાંચ વર્ષ સુધી. | ૧૫ ટકા |
| (બ) ૧૫૦ થી વધુ વિદ્યાર્થી સંખ્યાવાળી બિન સરકારી માધ્યમિક શાળાઓને શરૂઆતના વર્ષની દસ વર્ષ સુધી. | ૧૨ ટકા |
| (ક) ૧૦ વર્ષ કરતાં વધુ વર્ષ પુરાં કરેલ શાળાઓને | ૧૦ ટકા |

૨. આ સાથે જોડેલા પરિશિષ્ટ-ક અને ખમાં જણાવેલી બાબતો અંગેનો ખર્ચ અનુદાન સહાયના હેતુઓ માટે સ્વીકાર્ય ગણવામાં આવશે.

૩. માન્ય ખર્ચ એટલે મુળ પગાર વત્તા મોંઘવારી ભથ્થું ગણવાનું રહેશે.

(ખ) મકાન ભાડા અનુદાન સહાય :

(૧) ભાડાના મકાનમાં બેસતી શાળાઓ :

ઓનરલે—૭૨૦—૩

શાળાએ ખરેખર ચૂકવેલ ભાડુ અને કાર્યપાલક ઈજનેરે પ્રમાણિત કરેલ ભાડુ એ બે પૈકી જે ઓછું હોય તે ભાડુ ( શાળા ભોગવતી હોય તેવા કરવેરા સહિત) અનુદાન સહાય માટે પાત્ર રહેશે.

અન્ય ટ્રસ્ટના મકાન ભાડે રાખેલ હોય તો તે પણ ભાડાના મકાનના ધોરણે અનુદાન સહાયને પાત્ર ઠરશે.

(૨) સંસ્થાની માલિકીના મકાનમાં બેસતી શાળાઓ :

મકાન બાંધકામ ખર્ચ (જમીન અને રમત ગમતના મેદાનની કિંમત સાથે) ની કિંમતના ૫ ટકા સુધી અથવા કાર્યપાલક ઈજનેરશ્રી એ પ્રમાણિત કરેલું ભાડુ (શાળા ભોગવતી હોય તેવા સરેરાશ-કરવેરા સહિત) આ બે માંથી જે ઓછું હોય તેટલી રકમ અનુદાન સહાય પેટે માન્ય રહેશે.

(૩) અન્ય ટ્રસ્ટના જુના મકાનમાં ભાડે બેસતી શાળાઓ માટે :

૧૯૫૦ પહેલાં બંધાયેલ અન્ય ટ્રસ્ટના મકાનમાં ભાડે બેસતી શાળાઓને ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની મંજૂરીથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા કરગણતરી માટે આકારવામાં આવેલ ભાડાની રકમ જેટલી મકાન ભાડાની રકમ અનુદાન સહાય તરીકે મળવાપાત્ર રહેશે.

(૪) શાળાના મકાનનો ઉપયોગ જ્યારે શૈક્ષણિક કે સામાજિક કાર્યો માટે વેકેશન દરમ્યાન કે પ્રાસંગિક કરવામાં આવે ત્યારે તેનાથી થતી આવકને મકાનભાડા અનુદાન સહાયમાંથી બાદ કરવાની રહેશે નહી.

(ગ) અનુદાન સહાય માટે માન્ય ખર્ચની બાબતો :

૧. આ સાથે જોડેલા અદ્યતન પરિશિષ્ટ-ક અને ખ-માં જણાવેલી બાબતો અંગેનો ખર્ચ અનુદાન સહાયના હેતુઓ માટે સ્વીકાર્ય ગણવામાં આવશે.

૨. પરિશિષ્ટ-કમાં દર્શાવેલ માન્ય ખર્ચની બાબતો ખર્ચ મળવાપાત્ર ઈતર ખર્ચની અનુદાન સહાયના ૬૫ ટકા સુધી અનુદાન સહાય માટે ગ્રાહ્ય ગણવામાં આવશે.

૩. પરિશિષ્ટ-ખ હેઠળ દર્શાવેલ માન્ય ખર્ચની બાબતોનો ખર્ચ મળવાપાત્ર ઈતર ખર્ચની અનુદાન સહાયના ૩૫ ટકા સુધી અનુદાન સહાય માટે ગ્રાહ્ય ગણવામાં આવશે.

(ઘ) અન્ય બાબતો :

૧. જિલ્લા શિક્ષણાધિકારી, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી કે મહાલેખાકારની કચેરીએ અનુદાન સહાયના હેતુ માટે જે જે બાબતોના ખર્ચને અમાન્ય ગણી ઓડિટ વાંધાઓ લીધા હશે તે બાબતોનો જો આ સાથેના પરિશિષ્ટમાં સમાવેશ થતો હોય તો આવા હુકમો અનુસાર તેવા વાંધાઓની પતાવટ કરવાની રહેશે.

૨. સામાન્યત: શાળાના શૈક્ષણિક તપાસ સાથોસાથ શાળાની અનુદાન સહાયની આકારણીની કાર્યવાહી કરવાની રહેશે અને શાળાની વાર્ષિક તપાસણી પછીજ તુર્તજ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના સીનીયર ઓડિટરોએ ઓડિટનું કામકાજ હાથ ધરવું અને તે જ નાણાંકીય વર્ષમાં તે પૂરું કરવાનું રહેશે.

૩. મહાલેખાનુકાર ગુજરાત રાજ્ય દ્વારા ઓડિટની હાલની પ્રથા યથાવત રહેશે.

૪. આ ઠરાવની જોગવાઇઓ બિન સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉત્તર બુનિયાદી વિદ્યાલયોને લાગુ પડશે.

૫. આ હુકમોનો અમલ ૧૯૮૭-૮૮ના વર્ષથી કરવાનો રહેશે. અને આમુખ-૫ અને (૭)માં દર્શાવેલ તા. ૧૪મી ઓગષ્ટ, ૧૯૮૭ અને તા. ૨૪મી ઓક્ટોબર ૧૯૮૯ના ઠરાવથી જે ગ્રાન્ટ ચૂકવવામાં આવી હોય, તે નવા હુકમો મુજબ મળવાપાત્ર અનુદાન સહાય સામે સરભર કરવાની રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૧૦મી મે ૧૯૯૦ની નોંધથી મળેલ સંમતિથી આ હુકમો રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બા. છ. યાદવ,
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

# પરિશિષ્ટ "ક"

**શિક્ષણ વિભાગના તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૮૭૯-૨૮૭૯-ખ૧-નું બીડાણ.**

માન્ય શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીગણના માન્ય ખર્ચ અને ભથ્થાના ૧૫% ૧૨ ૧૦% જે લાગુ પડતું હોય તે લેખે ઈતર ખર્ચ અનુદાન સહાય નીચે જણાવેલ ખર્ચાઓ માટે મળવાપાત્ર રહેશે.

માન્ય પગાર ખર્ચના ૧૦%ના ૬૫% લેખે.

| અનુ.નં. | ખર્ચની વિગત | કોલમ-૨ જણાવેલ ખર્ચ હેઠળ ક્યા ક્યા ખર્ચાઓ અનુદાન સહાયને પાત્ર રહેશે તેનું વર્ણન. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ફર્નીચર સાધન-સામગ્રી અને શૈક્ષણિક સાધનો. | શાળાના ઉપયોગ માટે ખરીદ કરવામાં આવેલ ફર્નીચર સાધન-સામગ્રી અને શૈક્ષણિક સાધનો આ હેઠળ આવરી લેવાના રહેશે, ફર્નીચરમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.<br>(૧) ડેસ્ક (૨) પાટલીઓ (૩) બ્લેક બોર્ડ (૪) ટેબલ્સ (૫) કબાટ (૬) ઘોડા અને ટ્રે (૭) નામ-પટ્ટી (૮) ખુરશીઓ (૯) સ્ટુલ્સ (૧૦) પંખા અને છત-પંખા (૧૧) ટાઈપરાઈટર્સ, ડુપ્લીકેટીંગ મશીન જેવી કચેરી સાધન-સામગ્રી (૧૨) કુલર્સ (૧૩) સાયકલો (૧૪) દિવાલ ઘડિયાળ અને ટેબલ ઘડિયાળ (૧૫) શેતરંજી (૧૬) કેશ બોક્સ.<br>સાધન-સામગ્રીમાં નીચેનાનો સમાવેશ થશે.<br>(૧) વૈજ્ઞાનિક ઉપકરણો (૨) વ્યાયામ શિક્ષણના ઉપકરણો-સ્કૂલ બેન્ડ (૩) ચિત્રકામની સામગ્રી (૪) દશ્ય-શ્રાવ્ય શિક્ષણના ઉપકરણો (૫) હાથ ઉદ્યોગ શીખવવા માટેના સાધનો અને કાર્યાનુભવ વિષયને લગતા ઉપકરણો, શૈક્ષણિક સાધનો દા.ત. નકશા, આલેખ, નમુના વગેરે. |
| ૨ | તબીબી ખર્ચ | પ્રાથમિક સારવાર માટે જરૂરી સાધન-સામગ્રી દા.ત. આયોડીન, બોરીક પાવડર વગેરે વિદ્યાર્થીની તબીબી તપાસનો ખર્ચ રૂ. ૧.૦૦ની મર્યાદામાં. |
| ૩ | વિજ્ઞાન અને અન્ય વિષયોની ક્લબ. | વિજ્ઞાન અને અન્ય વિષયની ક્લબોના આવર્તક બાબતો પરના ખરેખર ખર્ચા. |
| ૪ | સ્કાઉટીંગ અને ગાઈડીંગ | નીચેના ખર્ચાઓ આ બાબત હેઠળ આવરી લેવાશે.<br>(૧) શિબિર, સાધન-સામગ્રી, પુસ્તકો વગેરેના ખર્ચા.<br>(૨) દરેક સ્કાઉટ માસ્ટર અને ગાઈડ કેપ્ટનના યુનિફોર્મની ખરીદી માટે વાર્ષિક રૂ. ૧૦૦ની મર્યાદાનો ખર્ચ.<br>(૩) પૂર્ણ કાલિન શિક્ષક તેની ફરજો ઉપરાંતના સ્કાઉટ વર્ક માટે સ્કાઉટ શિક્ષકને અપાતા મહેનતાણા અને ભથ્થાના ખર્ચા. પરંતુ તેણે અઠવાડિયાનું ત્રણ તાસનું ઓછામાં ઓછું કામ કરેલ હોવું જોઈએ. આવું મહેનતાણું વધુમાં વધુ રૂ. ૬૦૦ વાર્ષિક રૂપે અને રૂ. ૫૦ દરેક કામના માસ માટે મળવાપાત્ર રહેશે.<br>(૪) આ મહેનતાણું વિદ્યાર્થીનીના ગાઈડ શિક્ષકને પણ મળવાપાત્ર રહેશે. |
| ૫ | કાર્યાનુભવ. | ખાતાની મંજૂરીને આધીન રહીને રાખવામાં આવેલ કાર્યાનુભવ માટેની સાધન-સામગ્રી, કાચી સામગ્રી, પુસ્તકો અને અન્ય આકસ્મિક બાબતોના ખર્ચાનો આ બાબત હેઠળ સમાવેશ થશે. |
| ૬ | સહ-અભ્યાસ પ્રવૃત્તિ | નીચેની બાબતો માટેના વ્યાજબી ખર્ચા.<br>(૧) અભ્યાસ મુલાકાતો અને પર્યટનો.<br>(૨) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સમારોહ.<br>(૩) ખેલકૂદ, રમત-ગમત, ખેલકૂદ-સ્પર્ધા, કસરત મંડળને અપાયેલ ફાળો અને ખેલકૂદ સ્પર્ધા માટેની |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | | નોંધણી ફીનો સમાવેશ થશે. (૪) સલાહ અને માર્ગદર્શન (૫) શાળા સામયિક (૬) કોઈપણ પ્રસંગે અપાતો અલ્પાહાર વિદ્યાર્થી દીઠ રૂ. ૦.૫૦ પૈસાની મર્યાદામાં વર્ષમાં એકવાર મળવાપાત્ર રહેશે. |
| ૭ | શાળા-ગ્રંથાલય માટેના પુસ્તકો. | શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટેના ગ્રંથાલયના પુસ્તકોની ખરીદી અને પુસ્તકોની બંધાઈ માટે કરવામાં આવેલ ખરેખર ખર્ચ. |
| ૮ | શાળાના ફર્નીચર અને સાધન-સામગ્રીની મરામત | આ બાબતો પર કરવામાં આવેલ ખરેખર ખર્ચ અનુદાન સહાય માટે પાત્ર રહેશે. આ અંગેના વાઉચરોમાં મરામત કરવામાં આવેલ વસ્તુઓ અને વસ્તુઓ દીઠ ચૂકવવામાં આવેલ મજૂરી દર્શાવેલી હોવી જોઈએ.<br><br>સ્થાનિક દરોન વ્યાજબીપણું તપાસીને આ ખર્ચ કરવામાં આવેલ છે. તેવું પ્રમાણપત્ર વાઉચર ઉપર હેડમાસ્તરે આપવાનું રહેશે. |
| ૯ | શિષ્યવૃત્તિ અને ઈનામો | શૈક્ષણિક વિષયોમાં પ્રાવીણ્ય અને બીજી સહ અધ્યયન પ્રવૃત્તિઓ માટે રોકડ અથવા વસ્તુ સ્વરૂપે અપાતાં ઈનામોનો ખર્ચ. |
| ૧૦ | ચિત્ર શિક્ષકોને બોનસ. | નીચેની શરતોને આધીન રહીને ચિત્ર શિક્ષકોને તેમના વધારાના મહેનતાણા પર બોનસ માટે શાળાએ કરેલ ખરેખર ખર્ચ મળવાપાત્ર રહેશે.<br><br>(૧) જો ચિત્ર શિક્ષક ઈન્ટર મીડીએટ ડ્રોઈંગ ગ્રેડ એક્ઝામીનેશન માટે વધુમાં વધુ ૪૦ પરંતુ ૧૫ થી ઓછા નહિ તેટલા ઉમેદવારો તૈયાર કર્યા હશે તો રૂ. ૬૦ સુધી મળવાપાત્ર રહેશે, પરંતુ ઉમેદવારો ૧૫ કરતાં ઓછા હશે તો બોનસ મળવાપાત્ર રહેશે નહિ.<br><br>(૨) જો ૪૦ કરતાં વધુ ઉમેદવારો થાય તો પ્રમાણસરનું વધારાનું બોનસ મળવાપાત્ર રહેશે. |
| ૧૧ | ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને આપવાની નોંધણી ફી. | બોર્ડ દ્વારા આ હેતુસર લેવામાં આવેલ ફીનો ખર્ચ મળવાપાત્ર રહેશે. |
| ૧૨ | જુનીયર રેડ ક્રોસ પ્રાથમિક સારવાર, ગૃહ પરિચર્યા તાલીમ, નાગરિક સુરક્ષા અને માર્ગ સુરક્ષા ચોકીયાત પ્રવૃત્તિ. | આ પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લેવાની વસ્તુઓ જેવી કે સાધનો, પુસ્તકો અને અન્ય આકસ્મિક વસ્તુઓનો ખર્ચ મળવાપાત્ર રહેશે. |
| ૧૩ | સહકારી સ્ટોર્સ પરનો ખર્ચ | વિદ્યાર્થી સહકારી સ્ટોર્સનું સંચાલન કરતા શિક્ષકને આપવામાં આવતા ભથ્થાનો ખર્ચ. આ ખર્ચ શાળાના ફંડમાંથી ચૂકવવામાં આવેલ હોવો જોઈએ. જો સ્ટોર નફાના ધોરણે ચાલતો હોય તો શિક્ષકને આ ભથ્થું શાળાના ફંડમાંથી નહિ પરંતુ સ્ટોર્સના ફંડમાંથી ચૂકવવાનું રહેશે. |
| ૧૪ | ટૂંકાગાળાના અભ્યાસક્રમો કાર્યશાળા, સેમીનારમાં હાજરી આપવાનો ખર્ચ. | જિલ્લા શિક્ષણાધિકારી, શિક્ષણ નિયામક, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, શિક્ષણ વિભાગ જેવી અધિકૃત સત્તા દ્વારા વિભાગ દ્વારા આપવામાં આવેલ સુચનાઓને આધારે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હોય તો તેનો ખર્ચ. |
| ૧૫ | વેચાણવેરો અને સામાન્ય કર. | જરૂરી વાઉચરોના પુરાવાને આધીન આ પ્રકારનો કર ખર્ચ મળવાપાત્ર રહેશે. |
| ૧૬ | નિદાનાત્મક અને ઉપાયાત્મક શિક્ષણ. | આ બાબતો પર કરવામાં આવેલ વ્યાજબી ખર્ચ મળવાપાત્ર રહેશે. |
| ૧૭ | વર્તમાન અને સામયિકોનું લવાજમ. | —ઉપર પ્રમાણે— |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૮ | શાળાની પરીક્ષાના પ્રશ્ન પત્રોની છપાઈ અને જવાબ પત્રો અને અપેક્ષિતો પુરા પાડવા. | આ બાબતો પર કરવામાં આવેલ વ્યાજબી ખર્ચ મળવાપાત્ર રહેશે. |
| ૧૯ | રમતગમતના મેદાનની જાળવણી. | —ઉપર પ્રમાણે— |
| ૨૦ | શિક્ષકની રજાને કારણે ખાલી પડેલ જગા પરના અવેજી શિક્ષકની નિમણૂંક-માં વધુમાં વધુ ત્રણ માસની મર્યાદાના પગાર અને ભથ્થાં ખર્ચ. | સંપૂર્ણ ખર્ચ અનુદાન સહાય માટે પાત્ર રહેશે. પરંતુ તારીખ ૨૩-૪-૮૨ના ઠરાવના સુધારા મુજબ માન્ય પગાર અને ભથ્થાં ખર્ચ પેટે મળવાપાત્ર રહે છે. |
| ૨૧ | બેન્ડ માસ્તર અને બેન્ક પ્રવૃત્તિના પગાર અને ભથ્થાનો ખર્ચ. | દર મહિને રૂા. ૫૦/-પરંતુ રૂા. ૪૦૦/-ની વાર્ષિક મર્યાદામાં મળવાપાત્ર રહેશે. |

# પરિશિષ્ટ 'ખ'

**શિક્ષણ વિભાગના તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : અમપ-૧૧૮૭/૨૮૭૮/૫૧/ગ નું બીડાણ .**

**માન્ય પગાર ખર્ચના ૧૦%ના ૩૫% ટકા લેખે.**

| અ. નં. (૧) | ખર્ચની વિગતો (૨) | કોલમ-૨માં જણાવેલ ખર્ચ હેઠળ કયા કયા ખર્ચાઓ અનુદાન સહાયને પાત્ર રહેશે તેનું વર્ણન (૩) |
|---|---|---|
| (૧) | છપાઈ | ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ-૩૮ હેઠળ અને શાળાકીય હેતુ માટે જરૂરી જુદા જુદા રજીસ્ટરની છપાઈ માટેનું ખર્ચ મળવાપાત્ર રહેશે. પરંતુ શાળાકીય પરીક્ષાને લગતી કામગીરી સિવાય |
| (૨) | લેખન સામગ્રી | નીચે જણાવેલ લેખન સામગ્રીની ખરીદી સાથેની બધીજ બાબતો જે શાળાકીય હેતુ માટે જરૂરી હોય. (૧) પેપર (૨) પેનહોલ્ડર્સ (૩) બોલપેન (૪) નોટબુક (૫) રબર (૬) પેન્સીલ (૭) હેન્ડબેગ્સ (૮) ટેબલ ડાયરી (૯) ઈન્કસ્ટેન્ડ (૧૦) ડસ્ટર્સ (૧૧) નીબ્સ (૧૨) બ્લોટીંગ (૧૩) ટાંકણીઓ (૧૪) ટેગ્સ (૧૫) પોર્ટફોલીઓસ (૧૬) પેડ્સ (૧૭) કટર (૧૮) પીન્ક નોવસ (૧૯) સુતળી (Twine) (૨૦) સુતરી (૨૧) રબર સ્ટેમ્પ (૨૨) ખાખી કાગળો (૨૩) ઘંટડી (૨૪) કાગળ દાબ (૨૫) શાહી (૨૬) ફાઉન્ટનપેન શાહી (૨૭) ગુંદર (૨૮) પંચીંગ મશીન (૨૯) ક્લીપીંગ મશીન (૩૦) સીલ કરવા અંગેની વસ્તુઓ (૩૧) ડુંગરી કાપડ (૩૨) કચરા ટોપલી (૩૩) ચોક (૩૪) ફાઈલો (૩૫) સ્ટેમ્પ પેડ (૩૬) ઈરેઝર (૩૭) કવર (૩૮) રબર સ્ટેમ્પસ (૩૯) ટાઈપ અને સાઈક્લોસ્ટાઈલ કામ અંગેની સાધન સામગ્રી અને એવી લેખન સામગ્રી જેનો ઉપર્યુક્તમાં સમાવેશ થયો નથી. |
| (૩) | ટપાલ ખર્ચ | શાળાકીય હેતુઓ માટે કરવામાં આવેલ ટપાલ ખર્ચ મળવાપાત્ર રહેશે. |
| (૪) | જાહેરખબર | શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે વર્તમાનપત્રોમાં આપેલ જાહેરાતનું ખર્ચ |
| (૫) | વાહન ખર્ચ | આ હેઠળ નીચે જણાવેલ ખર્ચ માટે શાળા દાવો કરી શકશે (૧) શાળાકીય હેતુ માટે ચેક વટાવવા અને બેંકમાંથી રોકડ લાવવી અને શાળાકીય ટપાલની સ્થાનિક વહેંચણી માટેનું બસ ભાડું અથવા સાયકલનું ભાડા ખર્ચ મળવાપાત્ર રહેશે. (૨) શાળાકીય સાધનસામગ્રી, ચોપડીઓ ફર્નિચર, વૈજ્ઞાનિક સાધનો વૈજ્ઞાનિક ઉપકરણોની ખરીદી માટે અને શાળાકીય હેતુ માટે જુદી જુદી સમિતિઓની બેઠકમાં હાજર રહેવા માટેની હેડમાસ્તર અને શૈક્ષણિક કર્મચારીગણને ચુકવવામાં આવેલ વ્યાજબી વાહન ખર્ચ. (૩) પોતાનું વાહન ધરાવતા આચાર્યો શાળાકીય હેતુ માટે પોતાના વાહનનો ઉપયોગ કરેલ હોય તો રૂ. ૨,૪૦૦/- વાર્ષિક ધોરણે બળતણ અને નિભાવણીનાં કરેલ ખર્ચને ધ્યાનમાં લઈને આપવામાં આવશે |
| (૬) | પ્રવાસ-ભથ્થું | આ હેઠળ શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીના પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો સમાવેશ કરવાનો રહેશે.<br>(૧) ચોપડીઓ, ફર્નિચર, વૈજ્ઞાનિક ઉપકરણો અને બીજા શાળાકીય સાધન સામગ્રીની ખરીદી જ્યારે સ્થાનિક બજારમાં મળતી ન હોય ત્યારે મળવાપાત્ર રહેશે.<br>(૨) શાળાકીય ચેકને વટાવવાની સવલત સ્થાનિક રીતે ઉપલબ્ધ ન હોય ત્યારે મળવાપાત્ર રહેશે. |
| (૭) | વિજળી ખર્ચ | વિજળીના ગોળા, ટ્યુબ વગેરેની ફેરબદલી માટેનો આવર્તક ખર્ચ અને શાળાકીય હેતુ માટે વાપરવામાં આવેલ વિજળીનો બીલ-ખર્ચ આ હેઠળ મળવાપાત્ર રહેશે. પ્રયોગશાળાના હેતુ માટે ઈલેક્ટ્રીક ફીટીંગના નાના ફેરફાર માટે કરવામાં આવેલ ખર્ચ મળવાપાત્ર રહેશે. સંચાલક મંડળની કચેરીના ઉપયોગના સ્થળ અને છાત્રાલયનો વિજળી વપરાશ ખર્ચ વિલંબિત ચૂકવણા અંગેનો દંડ અને સ્થાપન ખર્ચ અનુદાન સહાય માટે પાત્ર રહેશે નહિ |
| (૮) | નોંધણી કરાયેલ હિસાબનીશો દ્વારા કરવામાં આવેલ હિસાબી તપાસ બીલ ફી. | આ ખર્ચ નીચેના દરે અનુદાન સહાયપાત્ર રહેશે. |

| માન્ય ખર્ચ | હિસાબ ફી તપાસણી દર. |
|---|---|
| રૂ. | રૂ. |
| ૫૦૦૦ સુધી | ૭૫ |
| ૧૦૦૦૦ | ૧૦૦ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | | રૂ. — રૂ.<br>૨૦૦૦૦ — ૧૨૫<br>૩૦૦૦૦ — ૧૫૦<br>૪૦૦૦૦ — ૧૭૫<br>૫૦૦૦૦ — ૨૦૦<br>૫૦૦૦૦ થી વધુ — ૨૫૦ થી ૩૦૦ |
| (૯) | મકાનની ગૌણ મરામત | ભાડે ન અપાયેલા શાળાના મકાનની સામાન્ય મરામત અંગેનું ખર્ચ મળવાપાત્ર રહેશે. |
| (૧૦) | વળામણ અને જાળવણી ખર્ચ. | સાવરણા, જંતુનાશક દવા અને કચરો વાળનારાના પ્રાસંગિક મહેનતાણાનો ખર્ચ મળવાપાત્ર રહેશે. |
| (૧૧) | બાગકામ | ત્રિકમ, કોદાળી, પાવડા, ઝરી, વાંસ કમ્પાઉન્ડ, વેલનો ટટ્ટા, બાલદી, માટીના ઘડા, ચમેલીના કાતર, ખાતર, બિયારણ વગેરેનો ખર્ચ મળવાપાત્ર રહેશે. બગીચાને જાળવવા રાખેલ માળીના મહેનતાણાનો ખર્ચ પણ આ હેઠળ સમાવી લેવાનો રહેશે. |
| (૧૨) | ધોલાઈ ખર્ચ. | ટેબલ રૂમાલ, તકિયાના કવર, શાળાના પડદા ધોવાનો ખર્ચ આ હેઠળ ઉધારવાનો રહેશે. |
| (૧૩) | પાણી ખર્ચ | પીવાના પાણીની સવલત અંગેનો ખર્ચ રૂ. ૧૦૦/-ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. |
| (૧૪) | શૈક્ષણિક સંગઠનોનું લવાજમ. | વધુમાં વધુ ત્રણ શૈક્ષણિક અને વ્યવસાયિક મંડળીની મર્યાદામાં વર્ષમાં એકવાર ખરેખર ચુકવવામાં આવેલ લવાજમનો ખર્ચ મળવાપાત્ર રહેશે. |
| (૧૫) | પરિષદ અન્વયેનો ખર્ચ. | નીચે જણાવેલ ખર્ચ આ બાબત હેઠળ ઉધારવાનો રહેશે.<br>એક વર્ષમાં વધુમાં વધુ ત્રણ પરિષદો માટેનો લવાજમ ખર્ચ અને વધુમાં વધુ ત્રણ શાળાકીય પરિષદો માટેના શાળાના પ્રતિનિધિનો વાહન અથવા પ્રવાસ ભથ્થા અથવા દૈનિક ભથ્થાનો ખર્ચ. |
| (૧૬) | આકસ્મિક ખર્ચાઓ. | પડદાઓ, ટેબલ રૂમાલ, ખુરશીની ગાદીઓ, સાબુ, માટલા, પ્યાલા, પગ-લુછણીયા વગેરે જેવા આકસ્મિક ખર્ચાઓ. |
| (૧૭) | ટ્રસ્ટને તબદીલ કરાયેલ અસ્કયામતના ૪ ટકાના મર્યાદામાં પેન્શન અને ગ્રેજ્યુટી. | આ અંગેના વ્યાજબી ખર્ચ અનુદાન સહાય માટે પાત્ર રહેશે. |
| (૧૮) | ટેલિફોન ખર્ચ. | ટ્રંકકોલ સાથેના ટેલિફોન કોલનો ખર્ચ નીચે પ્રમાણે બે રીતે ગણવામાં આવશે :—<br>(૧) કોલની સંખ્યા લક્ષમાં લીધા સિવાયના નિયત ખર્ચ. (૨) નિયત ભાડુ વત્તા કોલનો ખર્ચ (ક) ઉપર (૧)ની બાબતમાં નિયત ખર્ચના ચુકવણા માટે શાળા દ્વારા કરવામાં આવેલ ખરેખર ખર્ચ (ખ) ઉપર (૨)ની બાબતમાં આ અંગેનો ખર્ચ (ટ્રંક કોલ સિવાય) વાર્ષિક રૂ. ૫૦૦/-ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.<br>શિક્ષણાધિકારીને ટ્રંક કોલની અનિવાર્યતાની પ્રતીતીને આધિન તે અંગેનો ખર્ચ મળવાપાત્ર રહેશે. |
| (૧૯) | પરચુરણ બાબતો | નીચે જણાવેલ બાબતોના ખરેખરો ખર્ચ અનુદાન સહાયને પાત્ર રહેશે :—<br>(૧) બેંક કમિશન (૨) શાળાના પટાવાળાઓનો યુનિફોર્મ (સિલાઈ ખર્ચ સાથે)<br>(૨) શાળાકીય હેતુ માટે પ્રસંગોપાત્ર ટાઈપીંગ અને સાયક્લોસ્ટાઈલીંગ કામ અંગેનો ખર્ચ. |
| (૨૦) | ચોકીયાતનો મહેનતાણાનો ખર્ચ. | માસિક રૂ. ૧૦૦/-ની મર્યાદામાં આ અંગેનો ખર્ચ અનુદાન સહાય માટે પાત્ર રહેશે. |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| (૨૧) એર-રાયફલ શુટીંગ કાર્યક્રમ. | વ્યાજબી ખર્ચ. | | |
| (૨૨) આઝાદી અને યોગ-શાસ્ત્રને લગતા જ્ઞાન પ્રવચન આપનાર મહેમાન વ્યાખ્યાતાને મહેનતાણું. | ૧. પ્રવચન આપનાર મહેમાન વ્યાખ્યાતાને વ્યાખ્યાન દીઠ રૂા. ૩૦/-થી વધે નહીં તે રીતે મહેનતાણું આપવા અંગેનો ખર્ચ વાર્ષિક રૂા. ૪૫૦/-ની મર્યાદામાં માન્ય ગણાશે.<br>૨. આવા મહેમાન વ્યાખ્યાતાઓની એક પેનલ શિક્ષણ-નિયામકશ્રીએ મંજૂર કરવી અને તે પેનલના જ વ્યાખ્યાતાઓ કે જેઓ સ્વાતંત્ર્યની લડત કે અન્ય પ્રવૃત્તિ જેવી કે યોગ વિગેરે અંગે વિષય નિષ્ણાત હોય તેવા જ આવા પ્રવચનો આપી શકશે. | | |
| | ૩. એકજ મહેમાન વ્યાખ્યાતાને આવા પ્રવચનો મળે નહી તે માટે વાર્ષિક ૫૦ પ્રવચનોની મર્યાદામાં જ રૂા. ૧૫૦૦/- વાર્ષિકનું ગુરૂત્તમ મર્યાદા રહેશે. | | |